જા.ક્ર.:મા-૧/૨૦૨૪/ 16483

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ-3, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત,
તા. 6 /૧૨/૨૦૨૪.

પ્રતિ,
પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તમામ,
સુરત, જિ. સુરત.

આ સાથે સામેલ ગુજરાતમાધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના ધોરણ-૯ પ્રખરતા કસોટી-૨૦૨૫ની પરીક્ષામાં સરકારી તમામ શાળાઓના વિદ્યાર્થીઓના ફોર્મ ભરવા બાબતના તા.૨૬/૧૧/૨૦૨૪ના પત્ર ક્રમાંક: મઉમશબ/માધ્યમિક/TST/૨૦૨૪/૭૦ની જાણ તથા અમલવારી સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ-સુરત

ક્રમાંક:મઊમશબ/માધ્યમિક/TST/2024/70
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક
શિક્ષણ બોર્ડ,સેક્ટર-10 બી, સચિવાલય
પાસે, ગાંધીનગર.
તા.26/11/2024

પ્રતિ,
જિલ્લાશિક્ષણાધિકારીશ્રી (તમામ),
ગુજરાત રાજ્ય.

વિષય : ધોરણ-9 પ્રખરતા શોધ કસોટી-2025ની પરીક્ષામાં સરકારી તમામ શાળાઓના વિદ્યાર્થીઓના ફોર્મ ભરવા બાબત

સંદર્ભ : એડી.સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સમગ્ર શિક્ષા, ગુજરાતના પત્રક્રમાંક:સમગ્ર શિક્ષા/ક્યુઈસેલ/1/2024/54901-905 તા.25/11/2024

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા જાહેર કરવામાં આવેલ શાળાકીય પ્રવૃત્તિ કેલેન્ડર વર્ષ 2024-25માં દર્શાવ્યા મુજબ ધોરણ-9ની પ્રખરતા શોધ કસોટી તારીખ-30/01/2025ના રોજ યોજાનાર છે. આ પરીક્ષામાં વધુ ને વધુ વિદ્યાર્થીઓ ભાગ લે તે માટે આપની કક્ષાએથી જાણ કરવાની રહેશે.

આ પરીક્ષામાં સરકારી માધ્યમિક શાળાના ધોરણ-09ના (Dept. Of education, KGBV, RMSA School, Model School (Central Govt.), Model Day School (State Govt.), Local Body, Municipal School Board (MSB) Social Welfare Dept., Tribal Welfare Department))નાં તથા PM SHRI શાળાના તમામ વિદ્યાર્થીઓ આવેદન કરે તેવી સૂચના દરેક શાળાના આચાર્યશ્રીને આપવામાં આવે અને આ પરીક્ષાના ફોર્મ તા.26/11/2024 થી તા.10/12/2024ના રોજ સાંજે 5.00 કલાક સુધી બોર્ડની વેબસાઇટ પર ભરી શકાશે. તમામ સરકારી શાળાઓની ગ્રાન્ટ સમગ્ર શિક્ષા,ગાંધીનગર દ્વારા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરને ચૂકવવામાં આવનાર છે. જેથી તમામ વિદ્યાર્થીઓ આવેદન કરે તેવી સૂચના આપના માધ્યમથી તમામ માધ્યમિક શાળાઓના આચાર્યને આપવા વિનંતી છે. જે વિદ્યાર્થીઓ આવેદન કરેલ હોય તેની તમામ વીગતો અત્રેની કચેરીએ મોકલી આપવાની રહેશે.

સરકારી શાળાઓએ ફી ભરવાની રહેશે નહી જ્યારે ગ્રાન્ટ-ઈન-એડ શાળા તથા સ્વનિર્ભર શાળાઓએ નીચે મુજબની ફી ભરવાની રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, સુરત.
આવક નંબર :- 6582
તા. :- 
સોંપ્યા :-
સહી :-

➢ વિદ્યાર્થીના ફી નો દર નીચે મુજબ છે.

| | |
|---|---|
| 1. જનરલ કેટેગરીના વિદ્યાર્થી | રૂ.100/- ફી |
| 2. જનરલ કેટેગરીની વિદ્યાર્થિની | રૂ.80/- ફી |
| 3. SC વિદ્યાર્થી/વિદ્યાર્થિની | રૂ.80/- ફી |
| 4. ST વિદ્યાર્થી/વિદ્યાર્થિની | રૂ.80/- ફી |
| 5. OBC વિદ્યાર્થી/વિદ્યાર્થિની | રૂ.80/- ફી |
| 6. દિવ્યાંગ વિદ્યાર્થી/વિદ્યાર્થિની | રૂ.80/- ફી |

નિયામકશ્રી (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર
માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

<u>નકલ સવિનય રવાના:</u>

(1) માન.અધ્યક્ષશ્રી,ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ,ગાંધીનગર

(2) માન.એડી.સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર,સમગ્ર શિક્ષા,ગુજરાત

બિડાણ: (1) પ્રખરતા શોધ કસોટી-2025ની પ્રસિધ્ધ કરેલ અખબારી યાદી

(2) સમગ્ર શિક્ષા,ગુજરાત દ્વારા આવેલ પત્રની નકલ

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા માન્યતા પ્રાપ્ત રાજ્યની તમામ માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે ધોરણ-૯ના વિદ્યાર્થીઓની પ્રતિભા બહાર લાવવા માટે આયોજિત થતી પ્રખરતા શોધ કસોટી ચાલુ વર્ષે તા.30/01/2025ના રોજ લેવામાં આવનાર છે. પ્રખરતા શોધ કસોટી(TST)ના આવેદનપત્રો તા.26/11/2024 થી તા.10/12/2024 દરમ્યાન બોર્ડની વેબસાઇટ **gseb.org** અથવા **prakharata.gseb.org** પરથી ફક્ત ઓનલાઈન ભરી શકાશે. પ્રખરતા શોધ કસોટીના આવેદનપત્રો ભરવા અંગેની જરૂરી વિગતો બોર્ડની વેબસાઇટ ઉપર મૂકવામાં આવશે. પરીક્ષા માટે આવેદન કરનારે બેંક ખાતા મુજબનું નામ, બેંક ખાતા નંબર, બેંકની શાખા, IFSC CODE વગેરે જેવી વિગતો પોતાની બેંક પાસબુકને આધારે કાળજીપૂર્વક ભરવાની રહેશે. પરિણામ બાદ મેરીટમાં આવનાર વિદ્યાર્થીઓને પુરસ્કારની રકમ આવેદનપત્રમાં દર્શાવેલ બેંક ખાતામાં જ જમા કરવામાં આવશે. જેની તમામ સંબંધિતોએ નોંધ લેવા અને સમય મર્યાદામાં આવેદનપત્રો ભરવા જણાવવામાં આવે છે.

(એમ.કે.રાવલ)
નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

<u>સ્થળ</u>: ગાંધીનગર

<u>તારીખ</u>: 25/11/2024

ડૉ.એમ.એમ.પટેલ(GAS)
એડી. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
સમગ્ર શિક્ષા, ગુજરાત

समग्र शिक्षा
Samagra Shiksha

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ કચેરી,
સમગ્ર શિક્ષા, સેક્ટર-૧૭,
ગાંધીનગર.
E-mail –qecell@gmail.com
ફોન નં-૦૭૯-૨૩૨૪૧૩૩

પત્રક્રમાંક-સમગ્ર શિક્ષા/ક્યુઈસેલ/૧/૨૦૨૪/ ૫૪૯૦૧- ૯૦૫ તા-૨૫.૧૧.૨૦૨૪

પ્રતિશ્રી,
નિયામકશ્રી (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર
માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર -10
ગાંધીનગર

વિષય :પ્રખરતા શોધ કસોટી અંગેની ફીની ગ્રાન્ટ આપવા બાબત.
સંદર્ભ- તા-22.11.2024ના રોજ નોંધ પર માન.એસપીડીશ્રીની મળેલ મંજૂરી અન્વયે.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, દર વર્ષે રાજ્યની સરકારી શાળાઓમાં ધોરણ-૯ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પ્રતિભાને ઓળખવા માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા યોજવામાં આવતી ટેલેન્ટ સર્ચ એક્ઝામમાં (પ્રખરતા શોધ કસોટી)માં ભાગ લેતા વિદ્યાર્થીઓની ફી સરભર કરવા શાળાઓને PAB માં મંજૂર થયેલ બજેટમાંથી ગ્રાન્ટ ફાળવવામાં આવે છે.

PAB 2024-25 અને PM SHRI શાળાઓના બજેટમાં "Talent Search at school level " હેડ અંતર્ગત સરકારી શાળા (Dept. Of education, KGBV, RMSA School, Model School (Central Govt.), Model Day School (State Govt.), Local Body, Municipal School Board (MSB) Social Welfare Dept., Tribal Welfare Department)નાં ધોરણ : ૯નાં કુલ 83985 બાળકો અને 3173 PM SHRI શાળાના બાળકો માટે બાળક દીઠ ₹100 મંજૂર થયેલ છે.

<u>હાલની પ્રસ્થાપિત પદ્ધતિ :</u>

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા દર વર્ષે સંભવિત ફેબ્રુઆરી માસમાં ધોરણ-૯નાં વિદ્યાર્થીઓ માટે આ પરીક્ષા માટેનું આયોજન કરવામાં આવે છે. અન્ય શાળાની જેમ સરકારી શાળા બાળકોનાં ફોર્મ ભરવા સાથે પરીક્ષા ફી ભરવાની થાય છે. સમગ્ર શિક્ષા કચેરી દ્વારા સરકારી શાળાનાં ધોરણ:૯નાં તમામ વિદ્યાર્થીઓની સંખ્યા મુજબ મંજૂર બજેટ અનુસાર જિલ્લાઓને ગ્રાન્ટ ફાળવવામાં આવે છે અને આ ગ્રાન્ટ જિલ્લા દ્વારા શાળાને ફાળવવામાં આવે છે. શાળાઓ દ્વારા ભરવામાં આવેલ પરીક્ષા ફી ઉપરોક્ત ગ્રાન્ટમાંથી ખર્ચ કરવામાં આવે છે. આમ, પરીક્ષા ફી પેટે આપવામાં આવતી રકમ ઉક્ત લાંબી

વહીવટી પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ ફી સ્વરૂપે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડમાં જ પરત આવે છે.

**નવી સૂચિત પદ્ધતિ :**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પ્રખરતા શોધ કસોટીનાં જાહેરનામામાં સરકારી શાળા(Dept. Of education, KGBV, RMSA School, Model School (Central Govt.), Model Day School (State Govt.), Local Body, Municipal School Board (MSB) Social Welfare Dept., Tribal Welfare Department)નાં બાળકો માટે પરીક્ષા ફી શૂન્ય (₹ ૦/-) દર્શાવવામાં આવે. તે જ મુજબ આ શાળાઓ માટે કસોટીના આવેદનપત્ર ભરવાની માટેના પોર્ટલમાં પણ આનુંષગિક ફેરફાર કરવામાં આવે.

કસોટીના આવેદનપત્ર ભરવાની પ્રક્રિયા પૂર્ણ થવા બાદ ઉક્ત શાળાનાં જેટલા વિદ્યાર્થીઓએ આવેદનપત્ર ભરેલ હોય તેઓની ફીની કુલ રકમ સમગ્ર શિક્ષા, ગુજરાત દ્વારા ગ્રાન્ટ સ્વરૂપે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરને ફાળવણી કરવામાં આવશે. આમ, સૂચિત પદ્ધતિ મુજબ ફેરફાર કરવાથી સરકારી તંત્રનાં માનવબળનાં સમયની બચત થશે તેમજ વહીવટી પ્રક્રિયાના સરળીકરણથી વધુ બાળકો કસોટીમાં ભાગ લેતા થશે.

ઉક્ત વિગત ધ્યાને લઇ વિદ્યાર્થીઓના હિતમાં નવી સૂચિત પદ્ધતિ મુજબ ફેરફાર કરવા વિનંતી છે.

(ડૉ. એમ. એમ. પટેલ)
એડી. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર,
સમગ્ર શિક્ષા, ગુજરાત

**નકલ સવિનય રવાના:**

- માન. એસ.પી.ડી.શ્રી, સદર કચેરી
- માન.નિયામકશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર
- માન.નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર
- માન.નિયામકશ્રી, GCERT, ગાંધીનગર